# Gujarat Coverage (Post event)

**1)** 16-07-2022

Abtak

A seminar was held to make mandatory labelling on food items



અબતક

સાંધ્ય દૈનિક

## ખાદ્ય પદાર્થો ઉપર ફરજીયાત લેબલીંગ બનાવવા સેમિનાર યોજાયો

### ફૂડ પેકેટ ઉપર લેબલીંગ સંબંધે ઉદ્યોગપતિઓ સંમતઃ અરૂણ મહેશ બાબુ
### આમ જનતાના આરોગ્ય માટે ઉદ્યોગપતિઓ અને તંત્ર સજ્જઃ ગ્રાહક સુરક્ષા મંડળ

અબતક,રાજકોટ

ભારતમા અલ્ટ્રા પ્રોસેસ્ડ ફુડના વેંચાણમા ઝડપથી વૃધ્ધિ જોવા મળે છે . દેશના આરોગ્ય નિષ્ણાતો વધુ ચિંતિત બનેલ છે . કન્ઝયુમર વોઈસ , નવી દિલ્હીના સહયોગથી રમાબેન માવાણી દ્વારા સર્કિટ હાઉસ , રાજકોટ મુકામે એક દિવસીય સેમીનારનું આયોજન કરવામા આવેલ હતું . સેમીનારમાં ગુજરાતના રાજકીય નેતાઓ , ખ્યાતનામ ડોકટરો અને રાજય સરકારના અધિકારીઓ હાજર રહી પ્રસંગોચીત માર્ગદર્શન આપેલ હતું.

ભારત વિશ્વની ડાયાબિટીસની રાજધાનીનું દુર્ભાગ્યપુર્ણ બિરુદ ધરાવે છે , દેશમા ડાયબીટીસના દર્દીઓના આ આંકડો ૨૦૨૫ સુધીમા ૬૯.૯ મિલિયન અને ૨૦૩૦ સુધીમા ૮૦ મિલિયનની ચિંતાજનક સપાટીએ પહોંચવાની ચોકકસ ધારણા છે . વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ પ્રમાણે દર ચારમાંથી ૧ વ્યક્તિ મેદસ્વી હોવાથી યોગ્ય આહારના લેબલને વહેલાસર અપનાવવાથી ઉપભોકતાઓને તંદુરસ્ત આહારની પસંદગી કરવામા મદદ મળશે .

રાજમોતી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના સમીરભાઈ શાહ , લીજજત પાપડના જયશ્રીબેન ભટ , ગોપાલ નમકીનના પ્રદિપભાઈ ધાંધલ , અવધ સ્નેકસ પ્રાઈવેટ લીમીટેડના રિયાઝભાઈ ખોરચીયા , રાજકોટ દુધ ડેરીના મેનેજીંગ ડાયરેકટ વિનોદભાઈ વ્યાસ , ભારત બેકરીના હિતેષભાઈ બુધ્ધદેવ , પ્રતિષ્ઠિત ડોકટર પ્રકાશભાઈ મોઢા , રાજકોટ મહાનગરપાલીકાના આરોગ્ય અધિકારી ડો . પંકજભાઈ રાઠોડ તથા ડો . અમીતભાઈ પંચાલ , ગોકુલ હોસ્પીટલના ડો . દિવિજયસિંહ જાડેજા તથા ડો . ડેનિસભાઈ રોઝીવાડીયા , સીવીલ હોસ્પીટલના ડો . મધુલીકાબેન મિસ્ત્રી , કેન્સર હોસ્પીટલના એમ.ડી. ડો . વી . કે . ગુપ્તા, બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડના એસ.ડી. રાણે વિગેરે નિષ્ણાતોએ ઉપરથીત સી ૨૫૦ થી વધુની સંખ્યામાં ઉપસ્થીત બુધ્ધીજીવીઓને દાખલા , દલીલો અને પુરાવાઓ સાથે જાગૃત્તિ માટે માહિતી આપેલ હતી.

ખાદ્ય તેલ ઉદ્યોગના અગ્રણી અને શોમાના માજી પ્રમુખ સમીરભાઈ શાહએ જણાવેલ હતું કે , મગફળીના તેલ સીવાયના બીજા ખાદ્ય તેલો આરોગ્ય માટે નુકશાનકારક હોવાનું પૂર્ણ રીતે સાબીત થયેલ છે . ખાસ કરી ફરસાણ અને મીઠાઈ જેવા ખાદ્ય પદાર્થોમા વધુમા વધુ વપરાતું કપાસીયા તેલ આપણા સૌના આરોગ્ય માટે ઘાતક છે.

ખાંડવાળા ખાદ્યપદાર્થો પર ઉંચા કરવેરા અને ફ્રન્ટ - ઓફ - પેક લેબલ્સ સૌની સલામતી અને તંદુરસ્તની જાળવણી માટે અત્યંત જરુરી છે .

ફુડ સેફટી ડિપાર્ટમેન્ટના અધિકારી જે . એચ . શાહ , મહેશભાઈ નિનામાએ જણાવ્યું હતું કે, " અમે સુનિશ્ચિત કરીશું કે ફુડ કંપનીઓ આ કાયદાનું પાલન કરી રહી છે / જે રાજયના ગ્રાહકોના સ્વાસ્થ્યમાં સુધારો કરશે અને ઈન્ડીયા ફીટ અને હીટ બનશે .

કાર્યક્રમ દરમ્યાન શ્રોતાઓના જ્ઞાન વર્ધક પ્રશ્નોના પ્રત્યુત્તરો નિષ્ણાંતો દ્વારા આપવામા આવેલ હતા. કાર્યક્રમની આભાર વિધી રમાબેન માવાણી દ્વારા કરવામા આવેલ હતી. કાર્યક્રમ સમાપ્ત થતા રાષ્ટ્રીય ગીત સાથે સૌ વિખરાએલ હતા . સૌએ સમૂહમા સ્વરુચી ભોજન આસ્વાદ કરેલ હતો.

Edition

**2)** 16-07-2022

Sanj Samachar

Ramaben Mavani conducted a one-day seminar on the topic of increasing sales of ultra-processed food

Paige No. 10

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોના ફેલાવો ધરાવતુ...

# સાંજ સમાચાર

અષાઢ વદ-૬ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૯-૭-૨૦૨૨ - મંગળવાર | રાજકોટ (સીટી)

Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT

## રમાબેન માવાણી દ્વારા અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફુડના વેંચાણ વૃદ્ધિ વિષય પર એક દિવસીય સેમીનાર યોજાયો

### ગુજરાતના રાજકીય અગ્રણીઓ, ખ્યાતનામ ડોકટરો અને રાજય સરકારના અધિકારીઓ હાજર રહી પ્રસંગોચીત માર્ગદર્શન આપ્યું




રાજકોટ, તા ૧૯

ભારતમાં અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફુડના વેંચાણમાં ઝડપથી વૃધ્ધિ થવા માંડી છે. દેશના આરોગ્ય નિષ્ણાતો વધુ ચિંતિત બનેલ છે. કન્ઝયુમર વોઈસ,નવી દિલ્હીના સહયોગથી રમાબેન માવાણી દ્વારા ગત તા.૧૬/૦૭/૨૨ ના રોજ સર્કિટ હાઉસ,રાજકોટ મુકામે એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. સેમીનારમાં ગુજરાતના રાજકીય નેતાઓ, ખ્યાતનામ ડોકટરો અને રાજય સરકારના અધિકારીઓ હાજર રહી પ્રસંગોચીત માર્ગદર્શન આપેલ હતું.

રાજમોતી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના સમીરભાઈ શાહ, લીજ્જત પાપડના જયશ્રીબેન ભટ્ટ, ગોપાલ નમકીનના પ્રદિપભાઈ ધાંધલ, અવધ સ્નેકસ પ્રા. લીમીટેડના રિયાઝભાઈ ખોરચીયા, રાજકોટ દુધ ડેરીના મેનેજીંગ ડાયરેકટર વિનોદભાઈ વ્યાસ, ભારત બેકરીના હિતેષભાઈ બુધ્ધદેવ, પ્રતિષ્ઠિત ડોકટર પ્રકાશભાઈ મોઢા, રાજકોટ મહાનગરપાલીકાના આરોગ્ય અધિકારી ડો. પંકજ રાઠોડ તથા ડો. અમીતભાઈ પંચાલ, ગોકુલ હોસ્પીટલના ડો. દિગ્વિજયસિંહ જાડેજા તથા ડો ડેનિસભાઈ રોઝીવાડીયા, સીવીલ હોસ્પીટલના ડો. મધુલીકા મિસ્ત્રી, કેન્સર હોસ્પીટલના એમ.ડી. ડો. વી. કે. ગુપ્તા,બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડના એસ. ડી. રાણે વિગેરે નિષ્ણાતોએ ઉપસ્થીત રહી ૧૫૦ થી વધુની સંખ્યામા ઉપસ્થીત બુધ્ધીજીવીઓને દાખલા,દલીલો અને પુરાવાઓ સાથે જાગૃતિ માટે માહિતી આપેલ હતી.

**3)** 20/07/2022

Akila

Health is more than a Seminar on public health: Ashim Sanyal

હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પિયુષભાઈ સોલંકી દ્વારા કરવામાં આવેલ.(ઉ૯.૬)



## આમ જનતાના આરોગ્યથી વિશેષ કોઇ ચીજ-વસ્તુ નથીઃ અસીમ સાન્યાલ

### કન્ઝયુમર વોઇસ અને ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા સેમીનાર

રાજકોટ, તા.૨૦ : કન્ઝયુમર વોઈસ, નવી દિલ્હીના સહયોગથી ગ્રાહક સુરક્ષા મંડળના શ્રીમતી રમાબેન માવાણી દ્વારા સર્કિટ હાઉસ, રાજકોટ ખાતે એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું.

તાજેતરના સરકારી સર્વેક્ષણ મુજબ, ભારતમાં કુલ્લ મૃત્યુના ૬૫% માટે બિન -ચેપી રોગો જવાબદાર છે. ડો. એકસવાયઝેડે જણાવ્યું હતું કે, ''ડાયાબિટીસ, મેદસ્વીપણું, પક્ષાઘાત અને કાર્ડિયોવાસ્કુલર રોગોનો ઉંચો બોજ બિન આરોગ્યપ્રદ પેકેજડ ફુડના વધેલા વપરાશ સાથે સંકળાયેલો છે, જેમા મીઠું, ખાંડ અને ચરબીનું પ્રમાણ વધારે હોય છે.

રાજમોતી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના સમીરભાઈ શાહ, લીજ્જત પાપડના શ્રીમતિ જયશ્રીબેન ભટ્ટ, ગોપાલ નમકીનના પ્રદિપભાઈ ધાંધલ, અવધ સ્નેકસ પ્રાઈવેટ લીમીટેડના રિયાઝભાઈ ખોરચીયા, રાજકોટ દુધ ડેરીના મેનેજીંગ ડાયરેકટર વિનોદભાઈ વ્યાસ, ભારત બેકરીના હિતેષભાઈ બુધ્ધદેવ, પ્રતિષ્ઠિત ડોકટર પ્રકાશભાઈ મોંઢા, રાજકોટ મહાનગરપાલીકાના આરોગ્ય અધિકારી ડો. પંકજભાઈ રાઠોડ તથા ડો. અમીતભાઈ પંચાલ, ગોકુલ હોસ્પીટલના ડો. દિગ્વિજયસિંહ જાડેજા, તથા ડો. ડેનિસભાઈ રોઝીવાડીયા, સીવીલ હોસ્પીટલના શ્રીમતિ ડો. મધુલીકાબેન મિસ્ત્રી, કેન્સર હોસ્પીટલના એમ.ડી.ડો.વી.કે. ગુપ્તા, બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડના એસ.ડી. રાણે વિગેરે નિષ્ણાંતોએ ઉપસ્થિત રહી ૧૫૦થી વધુની સંખ્યામાં ઉપસ્થિત બુધ્ધીજીવીઓને દાખલા, દલીલો અને પુરાવાઓ સાથે જાગૃતિ માટે માહિતી આપેલ હતી.

આંતરરાષ્ટ્રીય પ્રવૃતિ સાથે સંકડાયેલ અસીમ સાન્યાલ, ન્યુ દિલ્હીએ સંતોષકારક સમજાવેલ હતું કે, ફ્રન્ટ-ઓફ-પેક ફૂડ લેબલિંગ સીસ્ટમ આમ જનતાના આરોગ્યની જાળવણી માટે એક શકિતશાળી અને સરળ સાધન માનવામાં આવે છે. દેશમાં દર વર્ષે ૫૮ લાખથી વધુ ભારતીયો ચેપી રોગથી મૃત્યુ પામે છે અને આમાના મોટાભાગના જીવલેણ રોગને આહારની ટેવોમાં ફેરફાર કરીને અને ખાદ્ય ઉદ્યોગમાં પરિવર્તન લાવીને અટકાવી શકાય છે.

ફૂડ સેફટી ડિપાર્ટમેન્ટના અધિકારી જે.એચ.શાહ, મહેશભાઈ નિનામાએ જણાવ્યું હતું કે, અમે સુનિશ્ચિત કરીશું કે ફૂડ કંપનીઓ આ કાયદાનું પાલન કરી રહી છે. જે રાજયના ગ્રાહકોના સ્વાસ્થ્યમાં સુધારો કરશે અને ઈન્ડીયા ફીટ અને હીટ બનશે.

કાર્યક્રમ દરમ્યાન શ્રોતાઓના જ્ઞાન વર્ધક પ્રશ્નોના પ્રત્યુત્તરો નિષ્ણાંતો દ્વારા આપવામા આવેલ હતા. કાર્યક્રમની આભાર વિધી શ્રીમતિ રમાબેન માવાણી દ્વારા કરવામાં આવેલ હતી.(ઉ૯.૬)

4) 20/07/2022

Gujarat Mirror

Health risk from processed packed food

# અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડના વેચાણથી આરોગ્ય પર જોખમ

## કન્ઝ્યુમર વોઈસ, નવી દિલ્હીના સહયોગથી રમાબેન માવાણી દ્વારા સેમિનારમાં નિષ્ણાતોએ લાલબત્તી દર્શાવી

ગુજરાત મિરર, રાજકોટ તા.૨૦

ભારતમાં અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફુડના વેંચાણમાં ઝડપથી વૃધ્ધી જોવા મળે છે. દેશના આરોગ્ય નિષ્ણાતો વધુ ચિંતીત બનેલ છે. કન્ઝ્યુમર વોઈસ, નવી દિલ્હીના સહયોગથી રમાબેન માવાણી દ્વારા ગત રાજકોટ મુકામે એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. સેમીનારમાં ગુજરાતના રાજકીય નેતાઓ, ખ્યાતનામ ડોકટરો અને રાજ્ય સરકારના અધિકારીઓએ હાજર રહી પ્રાસંગોચિત માર્ગદર્શન આપેલ હતું એવું રમાબેન માવાણીએ જણાવ્યું હતું.



રાજમોતી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના સમીરભાઈ શાહ, લીજ્જત પાપડના શ્રીમતી જયશ્રીબેન ભટ્ટ, ગોપાલ નમકીનના પ્રદિપભાઈ ધાંધલ, અત્ય સ્નેક્સ પ્રાઈવેટ લીમીટેડના રિયાઝભાઈ ખોરસીયા, રાજકોટ દુધ ડેરીના મેનેજીંગ ડાયરેકટર વિનોદભાઈ વ્યાસ, ભારત બેકરીના હિતેષભાઈ બુધ્ધદેવ, પ્રતિષ્ઠિત ડોકટર પ્રકાશભાઈ મોઢા, રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડો.પંકજભાઈ રાઠોડ તથા ડો.અમીતભાઈ પંચાલ, ગોકુલ હોસ્પિટલના ડો.દિગ્વીજયસિંહ જાડેજા તથા ડો.ડેનિસભાઈ રોજીવાડીયા, સિવિલ હોસ્પિટલના શ્રીમતી ડો.મધુલીકાબેન મિસ્ત્રી, કેન્સર હોસ્પિટલના એમ.ડી. ડો.વી.કે.ગુપ્તા, બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડના એસ.ડી.રાણે વિગેરે નિષ્ણાંતોએ ઉપસ્થિત રહી ૨૫૦થી વધુ સંખ્યામાં ઉપસ્થિત બુધ્ધીજીવીઓને દાખલા, દલીલો અને પૂરાવાઓ સાથે જાગૃતિ માટે માહિતી આપેલ હતી.

ખાદ્ય તેલ ઉદ્યોગના અગ્રણી અને સોમાના માજી પ્રમુખ સમીરભાઈ શાહે જણાવેલ હતું કે, મગફળીના તેલ સિવાયના બીજા ખાદ્ય તેલો આરોગ્ય માટે નુકશાનકારક હોવાનું પૂર્ણ રીતે સાબિત થયેલ છે. આંતરરાષ્ટ્રીય પ્રવૃતિ સાથે સંકળાયેલ અસીમ સાન્યાલ, ન્યુ દિલ્હીએ જણાવ્યું હતું કે, દેશમાં દર વર્ષે ૫૮ લાખથી વધુ ભારતીયો ચેપી રોગથી મૃત્યુ પામે છે અને આમાના મોટાભાગના જીવલેણ રોગોને આહારની ટેવોમાં ફેરફાર કરીને અને ખાદ્ય ઉદ્યોગમાં પરિવર્તન લાવીને અટકાવી શકાય છે. પ્રદિપભાઈ ધાંધલ, ગોપાલ નમકીને જણાવ્યું હતું કે, અમે મજબુત એફઓપીએલના વિચારને આવકારીએ છીએ જે ગ્રાહકોને તંદુરસ્ત આહારને ઝડપથી સમજવામાં અને ઓળખવામાં મદદ કરશે.

ફુડ સેફટી ડિપાર્ટમેન્ટના અધિકારી જે.એચ.શાહ, મહેશભાઈ નિનામાએ જણાવ્યું હતું કે, અમે સુનિશ્ચિત કરીશું કે ફુડ કંપનીઓ આ કાયદાનું પાલન કરી રહી છે જે રાજ્યના ગ્રાહકોના સ્વાસ્થ્યમાં સુધારો કરશે અને ઈન્ડીયા ફીટ અને હીટ બનશે.

કાર્યક્રમ દરમિયાન શ્રોતાઓના જ્ઞાન વર્ધક પ્રશ્નોના પ્રત્યુત્તરો નિષ્ણાંતો દ્વારા આપવામાં આવેલ હતા. કાર્યક્રમની આભાર વિધિ શ્રીમતી રમાબેન માવાણી દ્વારા કરવામાં આવેલ હતી. કાર્યક્રમ સમાપ્ત થતાં રાષ્ટ્રીય ગીત સાથે સૌ વિખરાયેલ હતા. સૌએ સમુહમાં સ્વરૂચી ભોજના આસ્વાદ કરેલ હતો.